# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-01-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM –મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને, ખાસ કરીને ઉદ્યોગ અને સ્ટાર્ટ-અપ્સ સાથે સંકળાયેલા યુવાનોને ગુણવત્તા પર ભાર મૂકવા વિનંતી કરી છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો વ્યક્ત કરતા શ્રી મોદીએ કહ્યું કે, ભારતનું અર્થતંત્ર ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે અને ભારત પર વિશ્વની નજર છે. તેમણે લોકોને દેશમાં ઉત્પાદિત થતી દરેક વસ્તુની ગુણવત્તા સુધારવા માટે સંકલ્પ લેવા હાકલ કરી.

(બાઇટ : PM-MODI-ON-QUALITY)

રાષ્ટ્રીય મતદાતા દિવસ પર શ્રી મોદીએ કહ્યું કે, મતદાતા લોકશાહીનો આત્મા છે. જ્યારે પણ કોઈ યુવાન પહેલી વાર મતદાર બને છે, ત્યારે સમગ્ર વિસ્તાર, ગામ કે શહેરે તેને અભિનંદન આપવા જોઈએ.

(બાઇટ : PM-MODI-ON-YOUTH-VOTER)

---------------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ સંબોધન:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે. આ સંબોધન આકાશવાણીની તમામ રાષ્ટ્રીય ચેનલો પર સાંજે 7 વાગ્યાથી પ્રસારિત થશે અને દૂરદર્શનની તમામ ચેનલો પર હિન્દીમાં પ્રસારિત થશે. ત્યારબા દ તેનું અંગ્રેજી સંસ્કરણ પણ પ્રસારિત કરવામાં આવશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધનના પ્રસારણ બાદ

દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો પણ તેને પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરશે. આકાશવાણી રાત્રે સાડા નવ વાગ્યાથી તેની પ્રાદેશિક ચેનલો પર પ્રાદેશિક ભાષાઓમાં રાષ્ટ્રપતિના સંબોધનનું પ્રસારણ કરશે.

---

## પોલીસ ચંદ્રકોની જાહેરાત:

પ્રજાસત્તાક દિવસના અવસર પર રાજ્યના 16 પોલીસ અધિકારી અને જવાનોને રાષ્ટ્રપતિ દ્વારા પોલીસ ચંદ્રકોની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય પોલીસની વિશિષ્ટ અને પ્રશંસનીય સેવાઓને માન આપતાં આ સન્માન જાહેર કરવામાં આવ્યું છે. આ યાદીમાં IPS નિપુણા તોરવણે અને શૈલેષસિંહ રઘુવંશીને 'વિશિષ્ટ સેવા પોલીસ મેડલ જ્યારે અન્ય 14 અધિકારી અને જવાનોને 'પ્રશંસનીય સેવા પોલીસ મેડલ' માટે પસંદગી કરવામાં આવી છે.

---

## પદ્મ પુરસ્કાર:

ચાલુ વર્ષ માટે પદ્મ પુરસ્કારો ની યાદી જાહેર થઈ છે. 54 વ્યક્તિઓ ને પદ્મશ્રી માટે પસંદ કરાયા છે ગુજરાત માંથી પણ અગ્રણીઓ ના નામ જાહેર થયા છે.જેમાં કલા ક્ષેત્રે મીર હાજી કાસમ ધાર્મિકલાલ પંડ્યા અને  અંગદાન ની સમાજ સેવા ક્ષેત્રે  નિલેશ  માંડલેવલ નો સમાવેશ થયો છે.

---

## ધ્વજ વંદન કાર્યક્રમનું રિહર્સલ:

આવતીકાલે પ્રજાસત્તાક પર્વની કચ્છની જિલ્લાકક્ષાની ઉજવણી રાજ્યકક્ષાના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા પ્રભારી મંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયાની ઉપસ્થિતિમાં ભુજના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવશે.

આ કાર્યક્રમના સુચારું આયોજન માટે જિલ્લા કલેક્ટર આનંદ પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમનું રિહર્સલ યોજાયું હતું. ધ્વજવંદન, પરેડ નિરીક્ષણ, માર્ચ પાસ્ટ અને ટેબ્લો નિરીક્ષણ, મહાનુભાવનું ઉદ્બોધન, સાંસ્કૃતિક કાર્યક્રમ, અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન અને વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો આયોજનબદ્ધ રીતે પ્રોટોકોલ મુજબ યોજાય તે માટે શ્રી પટેલે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા સાથે વિર્મશ કરીને આયોજનની વિગતો મેળવી હતી.

---

## વીર બાળ સ્મારક:

26 જાન્યુઆરી 2001ના વિનાશક ભુકંપના દિવસે રેલીમાં સામેલ 185 માસુમ બાળકો અને શિક્ષકોએ જીવ ગુમાવ્યા હતા. આ વીર બાળકોની યાદમાં બનેલા વીર બાળ સ્મારક ખાતે હવે 50 લાખના ખર્ચે એક ભવ્ય પ્રાર્થના હોલનું નિર્માણ કરવામાં આવશે.અજાર એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીદ્વારા આ રકમ ફાળવવામાં આવી છે.

---

## બાલિકા પંચાયતના હસ્તે ધ્વજ વંદન:

સમગ્ર દેશ સાથે કચ્છમાં પણ 77માં પ્રજાસત્તાક પર્વની આન,બાન અને શાન સાથે ઉજવણી કરાશે, ત્યારે કચ્છમાં બાલિકા પંચાયતના હસ્તે ધ્વજવંદન કરવાની રજુઆતને સફળતા મળી છે. સમગ્ર કચ્છમાં ગ્રામ્ય વિસ્તારોમાં બાલિકા પંચાયતના હાથે ધ્વજ વંદન કરવામાં આવે તો દિકરીઓ આગળ વધશે. જે રજુઆતને જીલ્લા કલેક્ટર અને વહીવટી તંત્ર દ્વાર માન્ય રખાતા કચ્છની બાલિકા પંચાયતની દિકરીઓએ સરકારનો આભાર માન્યો હતો.

---